## ભાજપે ગુજરાતમાં ઈતિહાસ રચ્યો ! સુરત લોકસભા બેઠક પર ભાજપના મુકેશ દલાલ બિનહરિફ : માત્ર ૨૫ બેઠકો પર ચૂંટણી થશેઃ કલેકટર કચેરી ખુલતા જ એક બાદ એક સાત હરિફ ઉમેદવારોએ ફોર્મ પાછા ખેંચ્યા

# પરિણામ પહેલા જ ભાજપની જીતનું ખાતું ખુલ્યું, સુરત બેઠક પર બીજેપીનો બિનહરીફ વિજય

### ■ કોંગ્રેસના ઉમેદવારનું ફોર્મ રદ થતાં સ્પર્ધામાં જ ન રહેતા બસપા અને સાત અપક્ષ ઉમેદવારોના ચુંટણીમાંથી ખસી જવા 'સમજાવવા' ના ભાજપના પ્રયાસો સફળ

સુરત, તા. ૨૨ : લોકસભા ચુંટણીમાં ગુજરાતમાંથી જ એક નવો ઈતિહાસ રચાયો છે. સુરત સંસદીય બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર નિલેષ કુંભાણી અને તેમના ડમી ઉમેદવાર બંનેનું ફોર્મ રદ થયા બાદ આ બેઠક પર ભાજપના મુકેશ દલાલ સામે ચુંટણી લડી રહેલા બહુજન સમાજ પક્ષ અને સાત અપક્ષો એ તેમની ઉમેદવારી પાછી ખેંચી લીધી છે.

મુકેશ દલાલ સત્તાવાર રીતે બિનહરીફ વિજેતા જાહેર થયા છગ અને આ રીતે 'અબકી બાર ૪૦૦ કે પાર'ના નારા સાથે લોકસભા ચૂંટણીમાં ઝંપલાવનાર ભાજપને દેશભરમાં પ્રથમ લોકસભા બેઠક



ગુજરાતમાંથી સુરત સંસદીય ક્ષેત્રની મળશે તે નિશ્ચિત બની ગયું છે.

ગત સપ્તાહમાં શુક્રવારથી શરુ થયેલા હાઈ વોલ્ટેજ પોલીટીકલ ડ્રામામાં સુરત બેઠક પરના કોંગ્રેસના ઉમેદવાર નિલેષ કુંભાણીના તમામ ત્રણ ટેકેદારોએ જીલ્લા કલેકટર સમક્ષ સોગંદનામુ કરીને નિલેષ કુંભાણીના ઉમેદવારીપત્રકમાં તેમની સહી નથી તેવુ જણાવતા જ રાજકીય ભૂકંપ સર્જાયો હતો અને મુખ્ય ચુંટણી અધિકારી તરીકે ફરજ બજાવનાર જીલ્લા કલેકટર ડો. સૌરભ પારધીએ નિલેષ કુંભાણીને શનિવારે ૧૧ વાગ્યા સુધીમાં તેમના ટેકેદારો અંગે સર્જાયેલા વિખવાદમાં સ્પષ્ટતા કરવા જણાવ્યું હતું.

બીજી તરફ નિલેષ કુંભાણી અને તેના ડમીને ટેકો આપનાર તમામ ચાર ટેકેદારો ગુમ થઈ ગયા હતા અને છેલ્લે સુધી તેઓ જીલ્લા કલેકટર કચેરીમાં હાજર ન થતા નિલેષ કુંભાણી અને તેના ડમીનું ઉમેદવારીપત્રક રદ થયું હતું. સુરત સંસદીય બેઠક પર ભાજપના આ ઓપરેશન લોટસનો બીજો ભાગ શરુ થયો હતો અને તેમાં પક્ષના ઉમેદવાર મુકેશ દલાલ સામે ચુંટણી લડી રહેલા બસપાના ઉમેદવાર સહિત આઠ અપક્ષોને તેમની ઉમેદવારી પાછી ખેંચી લેવા મનાવી લેવાયા હતા. આજે સવારે કલેકટર કચેરી ખુલતા જ એક કલાકમાં તમામ આઠ એ ઉમેદવારી પાછી ખેંચી લેવાના સંકેત છે અને તે રીતે દેશમાં લોકસભા ચુંટણીનું પ્રથમ પરિણામ જાહેર થઈ રહ્યું છે. જેમાં સુરતની બેઠક પર ભાજપના મુકેશ દલાલને બિનહરીફ વિજેતા જાહેર કરાયા છે. ગુજરાત ભાજપે આ રીતે ૪૦૦થી વધુ બેઠકો મેળવવાના ભાજપ નેતૃત્વના એનડીએના વિશ્વાસમાં પ્રથમ બેઠકની ભેટ આપી છે અને પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલનું વધુ એક ઓપરેશન હોવાનું માનવામાં આવે છે.

# કોંગ્રેસ સુપ્રીમ પાસે પહોંચે તો પણ રાહત મળવાની શકયતા નહીવત

### બંધારણની કલમ ૩૨૯ મુજબ ચુંટણી પ્રક્રિયા શરૂ થયા પછી અદાલતી સત્તા અત્યંત મર્યાદીત અથવા નહીવત થઈ જાય છે

રાજકોટ, તા.૨૨: લોકસભા ચુંટણીમાં સુરત સંસદીય બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર નિલેષ કુંભાણી અને તેના ડમી બંનેનું ફોર્મ રદ થતા જ હવે આ બેઠક પર કોંગ્રેસ હવે હાઈકોર્ટથી લઈ સુપ્રીમકોર્ટના દ્વાર ખટખટાવવાની તૈયારી કરે છે પરંતુ તેમાં તેને સફળતા મળવાની આશા નહીવત છે. સુપ્રીમકોર્ટ પણ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન ચુંટણી પ્રક્રિયા દરમ્યાન કોઈ આદેશ આપે તેવી શકયતા નથી. સુપ્રીમકોર્ટના ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને દિપાંકર દતાએ ગત વર્ષે એક મહત્વપૂર્ણ ચૂકાદામાં જણાવ્યું હતું કે અમો ચુંટણી રોકી શકીએ નહી. બંધારણની કલમ ૩૨૯ હેઠળ જો કેસ દાખલ કરવામાં આવે તો અમો પાવરલેસ બની જાઈએ છીએ.

એક વખત ચુંટણી પ્રક્રિયા શરુ થાય પછી બંધારણીય જોગવાઈ મુજબ તેમાં અદાલતી દરમ્યાનગીરી અત્યંત ઓછી થઈ જાય છે અથવા નહીવત હોય છે. આ ચૂકાદો મતવિસ્તારના નવા સિમાંકન અંગેનો હતો અને હાલમાં જ બિહારમાં પણ એક ઉમેદવારનું ફોર્મ રદ થતા તેને સર્વોચ્ચ અદાલત સુધી ધા નાંખી હતી પરંતુ સુપ્રીમકોર્ટે જણાવ્યું કે અમે દરમ્યાનગીરી કરી શકીએ નહી.

